# ગામની સંસ્થાઓ - ૧

જયંતીભાઈ પટેલ તથા ધીરુભાઈ સી. પટેલ



બાકરોલ સાર્વજનિક પુસ્તકાલય

બાકરોલ સાર્વજનિક પુસ્તકાલયને નામે ઓળખાતી અને ઘણી બધી બાબતે સમૃધ્ધ એવી આ સંસ્થા ગામની મધ્યમાં આવેલી છે. તેની સ્થાપના સને ૧૯૦૭ના ઓગસ્ટ મહિનાની પહેલી તારીખે 'મિત્ર મંડળ પુસ્તકાલય'ને નામે કરવામાં આવી હતી. આ સંસ્થાની સ્થાપના અને ૫૦ વર્ષ સુધીની એની માવજતનું શ્રેય સ્વ. શ્રી ખુશાલભાઈ કાળીદાસ પટેલને ફાળે જાય છે.

વખત જતાં એનું નામ બદલીને 'સાર્વજનિક પુસ્તકાલય' રાખવામાં આવ્યું હતું.

આ પુસ્તકાલય ખૂબ વ્યવસ્થિત અને નામના પાત્ર છે. તેમાં ૧૫૦૦૦ પુસ્તકો છે અને નિયમિત રીતે ખોલી પુસ્તકો આપવા લેવાનું કામ થાય છે. પુસ્તકાલયની ચૂટાયેલી સમિતિ એને વહીવટ સંભાળે છે અને પગારદાર ગ્રંથપાલ રાખવામાં આવે છે.

આ પુસ્તકાલયના ઈતિહાસમાં ગ્રંથપાલ તરીકે લગભગ ૫૦ વર્ષની સેવા તથા

પુસ્તકાલયની વ્યવસ્થા અને પુસ્તકોની જાળવણી માટે સ્વ. શ્રી માનશંકર ઘેલાભાઈ ભટ્ટનું નામ આજે પણ આદર પૂર્વક લેવાય છે.

સને ૧૯૨૮માં પુસ્તકાલયનું એક માળનું પાકું વિશાળ મકાન અને તેની ચારે તરફ બાગ માટેની જગ્યા અને કંપાઉન્ડની દિવાલ માત્ર છ હજારમાં તૈયાર કરવામાં આવેલાં જે આજની કિંમતે પાંચથી સાત લાખની કિંમતનાં થાય.

સંવત ૧૯૬૩માં જ્યારે પુસ્તકાલયનું મકાન બનાવવામાં આવ્યું ત્યારે નીચે મુજબનો ખર્ચ થયો હતો.

| | |
|---|---|
| ૨,૨૫૧-૦૦ | ગામ મદદ |
| ૧,૩૭૫-૦૦ | સરકાર મદદ |
| ૧,૩૭૫-૦૦ | પંચાયત મદદ |
| ૫,૦૦૧-૦૦ | કુલ ખર્ચ |

પુસ્તકાલયના નિભાવ માટે નીચે મુજબનાં દાન મળેલાં છે :

| | |
|---|---|
| ૧૧,૦૦૦-૦૦ | શ્રી માનશંકર ઘેલાભાઈ ભટ્ટ |
| ૫,૦૦૦-૦૦ | શ્રી વલ્લવભાઈ જેઠાભાઈ પટેલ, હસ્તે જે. ડી. પટેલ. |
| ૨,૫૦૦-૦૦ | શ્રી મગનભાઈ જોષી |

દિવસે દિવસે પુસ્તકોની સંખ્યા વધતાં આ વિશાળ મકાન પણ નાનું પડવા લાગ્યું ત્યારે જૂના મકાન પર બીજો મજલો બાંધવાનું નક્કી કરવામાં આવ્યું. અને સન ૧૯૬૮માં લગભગ ૭૦,૦૦૦ને ખર્ચે બીજો મજલો બાંધવામાં આવ્યો. જૂના મકાનમાંથી સાગનાં પીઢો અને અન્ય લાકડાં એટલાં સારાં હતાં કે તેમાંથી લગભગ ૧૦૦ રનીંગ ફીટનાં સાત ફીટ ઊંચાં કબાટ કરી શકાયાં. આજે જ્યારે પુસ્તકોની સંખ્યા ૧૫,૦૦૦ થી ઉપર પહોંચી ગઈ છે ત્યારે એ પણ ઓછી પડવા માંડી છે.

બીજો મજલો બાંધવાના ખર્ચની જોગવાઈ નીચે પ્રમાણે કરવામાં આવી હતી.

| | |
|---|---|
| ૪,૪૨૫-૦૦ | ગામના તમાકુ પકવનાર ખેડૂતો |
| ૩,૫૦૦-૦૦ | બાકરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. |
| ૧,૦૦૧-૦૦ | બાકરોલ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. |
| ૫૦૧-૦૦ | શ્રીમતિ વિમળાબેન ચીમનભાઈ દેસાઈ |
| ૨૫૧-૦૦ | શ્રી આશાભાઈ ચતુરભાઈ પટેલ |
| ૨૫૧-૦૦ | શ્રી કનુભાઈ પરસોત્તમદાસ પટેલ |
| ૨૫૧-૦૦ | શ્રી ચંદુભાઈ અંબાલાલ પટેલ |
| ૨૫૧-૦૦ | શ્રી જશભાઈ મગનભાઈ બીન જીજીભાઈ પટેલ |
| ૨૫૧-૦૦ | શ્રી જશભાઈ મગનભાઈ બીન મોતીભાઈ પટેલ |
| ૨૫૧-૦૦ | શ્રી બાવાજીભાઈ શંકરભાઈ પટેલ |

૨૫૧-૦૦ શ્રી ભાઈલાલભાઈ શંકરભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી ભાઈલાલ મણિભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી મોતીભાઈ ભાઈજીભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી મણિભાઈ તળસીભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી રણછોડભાઈ શંકરભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી સાંકળચંદ શીવરામ દલવાડી

આ ઉપરાંત કેટલાંક નાનાં દાન મળેલાં અને ખૂટતા પૈસા પુસ્તકાલયની બચતમાંથી ખર્ચવામાં આવ્યા હતા. ખર્ચ લગભગ ૭૦,૦૦૦-૦૦ રૂપિયા થયો હતો.

વખત જતાં મકાનમાં ફરીથી દુરસ્તી કરવામાં આવી ત્યારે નીચે મુજબના દાન મળ્યાં હતાં :

૩૫૧-૦૦ શ્રી ડાહ્યાભાઈ કાશીભાઈ પટેલ

૩૦૧-૦૦ શ્રી પરસોત્તમદાસ મૂળજીભાઈ પટેલ (વસોવાળા)ના વારસો

૨૫૧-૦૦ શ્રી ભીખુભાઈ કાળીદાસ પટેલ

૨૫૧-૦૦ મેસર્સ મનુભાઈ અરવિન્દભાઈની કં, આણંદ

૨૫૧-૦૦ શ્રી છોટાભાઈ બેચરભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી સોમાભાઈ રણછોડભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી પ્રો. જયંતીભાઈ દેસાઈભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી બિપીનભાઈ પરસોત્તમદાસ લખાભાઈ પટેલ

૨૫૧-૦૦ શ્રી ચીમનભાઈ આશાભાઈ લખાભાઈ પટેલ

તે પછી સન ૧૯૯૨માં મકાનની દુરસ્તી કરવામાં આવી તેમાં નીચે મુજબનાં દાન મળેલાં છે.

સ્વ. ડાહીબા તથા શ્રી રામભાઈ મણિભાઈ પટેલના સ્મરણાર્થે તેમના પુત્રોએ પુસ્તકાલયના જાળી, ઝાંપા બનાવી આપ્યા છે.

૫,૦૦૧-૦૦ શ્રી ડાહ્યાભાઈ કલ્યાણભાઈ પટેલ તથા સવિતાબેન ચંદુભાઈ પટેલના સ્મરણાર્થે.

૪,૫૦૦-૦૦ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.

૩,૦૦૦-૦૦ બાકરોલ દૂધ ઉત્પાદક સહકરી મંડળી લિ.

૧,૦૦૦-૦૦ શ્રી અંબાલાલ બેચરભાઈ પટેલ

૧,૦૦૦-૦૦ શ્રી યોગેશ ગોરધનભાઈ પટેલ

આ પુસ્તકાલયમાં જૂનાં અપ્રાપ્ય પુસ્તકો ઘણાં છે અને અમને યાદ છે ત્યાં સુધી ગુજરાતી

ભાષામાં સન ૧૮૫૭માં છપાયેલા એક પુસ્તકની બે નકલ હતી જેમાંથી એક નકલ ભાઈકાકા લાયબ્રેરી વલ્લભવિદ્યાનગરને ભેટ આપવામાં આવી હતી.

આ પુસ્તકાલયને દર વર્ષે સરકાર તરફથી ૧૦,૦૦૦ રૂપિયા ગ્રાન્ટ મળે છે. આ ઉપરાંત લોકફાળો તથા ભાડું અને બચતના વ્યાજની આવક લગભગ ૫,૦૦૦ની થાય છે.

દુર્લભ પુસ્તકોનો સંગ્રહ સરકાર કરતી હોઈ મહેસાણા મુકામે અવાર નવાર આવાં પુસ્તકો મોકલવામાં આવે છે.

## સંત ભવન



બાકરોલની મધ્યમાં એક સાર્વજનિક ધર્મશાળા હતી. એક વખત ગામની એ.વી.સ્કૂલ એમાં બેસતી હતી. પછી કેટલાંક વરસ બાલ મંદિર બેસતું હતું.

બાકરોલ ગામના શ્રી આફ્રિકા નિવાસી શ્રી કાન્તિભાઈ મણિભાઈ પટેલે આ ધર્મશાળાને સ્થાને એક અનેકવિધ ઉપયોગી એવો હોલ બાંધવા માટે રૂપિયા ૫૪,૦૦૦ જેવું માતબર દાન આપ્યું ને સંત ભવનનું નિર્માણ થયું.

આ સંત ભવનનો ઉપયોગ ધાર્મિક વ્યાખ્યાન, જાનનો ઉતારો, ડ્રામાની પ્રેક્ટીસ, બેસણાં વગેરે માટે વપરવામાં આવે છે. આ મકાન બે મજલાનું હોઈ તેમાં નીચે બે દુકાનો કાઢવામા આવેલી છે તથા નીચેનો અંદરનો વિશાળ હોલ પણ કાઢેલો છે. આ દુકાનો તથા હોલ ભાટે આપેલા છે તેની આવકમાંથી સંતભવનની મરામત કરવામાં આવે છે.

આ સંતભવનની સાથે શ્રી છોટાભાઈ તુલસીભાઈ પટેલ અતિથિ કુટિર બાંધવામાં આવી છે. જેના નિર્માણ માટે શ્રી છોટાભાઈ તુલસીભાઈ પટેલ તરફથી રૂપિયા ૧૬,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. આ કુટિરનું ઉદ્‌ઘાટન કરમસદના સંતરામ મંદિરના ગાદીપતિ શ્રી રામદાસજીના વરદ્ હસ્તે તા. ૫-૧૦-૭૯ના રોજ કરવામાં આવ્યું હતું. આ અતિથિકુટિરનો ઉપયોગ ધાર્મિક કે સામાજિક કામે ગામમાં આવતા એકલદોકલ મહેમાનોના ઉતારા તરીકે કરવામાં આવે છે. આ કુટિરમાં જાજરૂ, બાથરૂમ તથા પાણી અને લાઈટની વ્યવસ્થા પણ કરેલી છે.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બાકરોલ



બાકરોલમાં વરસો પહેલાં એક નાનકડું દવાખાનું બાકરોલ નાગરિક રુગ્ણાલયને નામે શરૂ કરવામાં આવેલું.સ્વ. શ્રી બાવાજીભાઈ શંકરભાઈ તરફથી તેમના પિતાશ્રી શંકરભાઈ કિશોરભાઈના સ્મરણાર્થે રૂપિયા પાંચ હજારનું દાન મળેલું જેને પરિણામે આ દવાખાનું શરૂ કરી શકાયેલું.

ત્યાર બાદ તા. ૧૦-૧૨-૫૫ના રોજ દવાખાના માટે સંપૂર્ણ સગવડ વાળું મકાન બાંધવામાં આવ્યું. તેમાં :

| | |
|---|---|
| બાકરોલ આફ્રિકા યુવક મંડળ તરફથી | ૨૧, ૫૨૩-૦૦ |
| શ્રી ફૂલાભાઈ તળસીભાઈ પટેલની યાદમાં તેમના પિતાશ્રી તરફથી | ૬,૨૫૧-૦૦ |
| વડોદરા રાજ્ય હિરક મહોત્સવ નિધિ તરફથી | ૫,૦૦૧-૦૦ |
| એમ કુલ ખર્ચ થયેલો. | ૩૨,૧૭૫-૦૦ |

ત્યારબાદ સમયાંતરે દવાખાનાના નિભાવ માટે કેટલાંક દાન મળેલાં. જેમાં

| | |
|---|---|
| શ્રી કાશીભાઈ વલ્લવભાઈ પરિવાર તરફથી | ૧૦,૦૦૦-૦૦ |
| શ્રી ભાઈલાલભાઈ મોતીભાઈ પટેલ પરિવાર તરફથી | ૫,૦૦૦-૦૦ |
| શ્રી શંકરભાઈ લલ્લુભાઈ પટેલ પરિવાર તરફથી | ૫,૦૦૦-૦૦ |
| મેસર્સ ભૂપેન્દ્રકુમાર વિજયકુમાર એન્ડ કંપની તરફથી | ૫,૦૦૦-૦૦ |

શ્રી શીવાભાઈ શંકરભાઈ પટેલ તરફથી ૫,૦૦૦-૦૦

આ ઉપરાંત સ્વ. શ્રી અંબાલાલ તળસીભાઈના સ્મરણાર્થે તેમના પુત્રોએ રૂપિયા ૨૫,૦૦૦-૦૦નું દાન એ માટે આપ્યું કે દવાખાનામાં કોઈની પાસેથી કેસફી લેવી નહીં. આ રીતે દવાખાનામાં કેસફીની માફી થઈ ગઈ હતી.

વખત જતાં એટલે કે ૧૧-૧૧-૭૯ના રોજ સ્વ. શ્રી રામભાઈ ભાઈલાલભાઈ પટેલ તરફથી રૂપિયા ૧,૦૫,૦૦૧-૦૦નું દાન મળતાં બાકરોલ નાગરિક રુગ્ણાલયનું નવુ નામકરણ કરવામાં આવ્યું : 'શ્રીમતિ મણીબેન રામભાઈ પટેલ હૉસ્પિટલ'.

આ પછી સ્વ.શ્રી ગોરધનભાઈના સ્મરણાર્થે તેમના ભત્રીજા રામભાઈ, શાંતિભાઈ વગેરેએ સ્વ ખર્ચે એક સર્વન્ટ ક્વાર્ટર બંધાવી આપ્યું.

સંસ્થા પાસે રૂપિયા ૧,૫૦,૦૦૦-૦૦ હતા તેમાં

શ્રી જશભાઈ મગનભાઈએ આપેલા રૂપિયા ૫૦,૦૦૦-૦૦

શ્રી રામભાઈ ભાઈલાલભાઈએ આપેલા રૂપિયા ૫૦,૦૦૦-૦૦

રૂપિયા ૨,૫૦,૦૦૦-૦૦ જેટલી રકમ એકત્ર થયેલી હતી તેમાંથી

ડૉક્ટર કવાર્ટર, નર્સ કવાર્ટર તથા કંપાઉન્ડર કવાર્ટર બનાવી આપી સમગ્ર સંકૂલ જિલ્લા પંચાયતને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે સોંપી દીધું છે.

જિલ્લા પંચાયતે આવાં કેટલાંય આરોગ્ય કેન્દ્રો પોતે બંધાવ્યાં છે ને ચલવ્યાં છે પણ બાકરોલનું આ કેન્દ્ર સંપૂર્ણ બાંધકામ અને સગવડ સાધન સાથેનું જિલ્લા પંચાયતને આપી ગામનું ગૌરવ વધાર્યું છે.

## મગનભાઈ જીજીભાઈ પટેલ સ્મૃતિ પ્રસુતિગૃહ



એક પ્રસુગ્રિહની ખોટ દવાખાનાને હતી જે મીલસેન્ટ ઘરઘંટીવાળા શ્રી જશભાઈ મગનભાઈ પટેલે પૂરી કરી. તેમણે રૂપિયા ૧,૪૦૦૦-૦૦ને ખર્ચે સ્વ. શ્રી મગનભાઈ જીજીભાઈ પટેલ સ્મારક પ્રસુતિગૃહનું નિર્માણ કરી આપ્યું. એટલું જ નહીં પણ પ્રસુતિગૃહ માટે સરકાર તરફથી મળેલી ગ્રાન્ટ પણ એમણે સંસ્થાને આપી દીધી.

# શ્રી તુલસીભાઈ કાળીદાસ પટેલ કૈલાસભૂમિ



બાકરોલ ગામનું સ્મશાન વરસો પુરાણું હતું તેને સમરાવી હજુ વરસો સુધી ચલાવી શકાય તેમ હતું. પણ મગનભાઈ તળસીભાઈ પટેલે તેનું નવનિર્માણ કરવાનું બીડું ઝડપ્યું. કામ શરૂ કરવા માટે તેમની પાસે બાકરોલ આફ્રિકા યુવક મંડળના રૂપિયા ૬૦,૦૦૦ હતા એવું યાદ છે. પણ પછી તો એમની મહેનત અને લગનને પરિણામે કામ ચાલવા માંડ્યું.નાણાં આવતાં ગયાં અને જ્યારે નણાં ખૂટ્યાં ત્યારે શ્રી મગનભાઈએ પોતે ઉમેર્યાં.

આજે તેમની આ લગનીને પરિણામે ગામમાં પેસતાં જ લગભગ સાતેક વીઘાંમાં પથરાયેલું એક સુદર પ્રતીક નજરે ચઢે છે. એક તરફ કૈલાસભૂમિનું કામ પૂરું થયું ત્યાં ઈંગ્લેન્ડ ગયેલા મગનભાઈનું અવસાન થયું. એમની બાકરોલ ગામના કૈલાસભૂમિની લાગણીને કારણે આખું કુટુંબ પરદેશમાં હોવા છતાં તેમનો દેહ બાકરોલમાં લાવવામાં આવ્યો અને એમની આ કૈલાસભૂમિમાં તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

આ કામ માટે નીચે મુજબનો ફાળો મળ્યો છે :

| રકમ રૂપિયામાં | દાતાનું નામ |
| --- | --- |
| ૭૫,૦૦૦ | શ્રી તુલસીભાઈ કાળીદાસ પટેલ |
| ૩૦,૦૦૦ | શ્રી મણિબેન ડાહ્યાભાઈ પટેલ |
| ૨૫,૦૦૦ | શ્રી આશાભાઈ ચતુરભાઈ પટેલ |
| ૫,૦૦૧ | શ્રી ચીમનભાઈ દાદુભાઈ દેસાઈ |
| ૫,૦૦૧ | શ્રીમતિ કમળાબેન ચંદુભાઈ બીન પુરુષોત્તમદાસ પટેલ |
| ૫,૦૦૧ | શ્રી ડાહ્યાભાઈ ફૂલાભાઈ પટેલ |
| ૫,૦૦૧ | શ્રી રામભાઈ મોતીભાઈ પટેલ |
| ૫,૦૦૧ | શ્રી રાવજીભાઈ પરસોત્તમદાસ પટેલ |
| ૫,૦૦૧ | શ્રી મોતીભાઈ ભાઈજીભાઈ પટેલ |
| ૫,૦૦૧ | નગર પંચાયત, બાકરોલ |
| ૫,૦૦૧ | શ્રી મોતીભાઈ ફૂલાભાઈ પટેલ |
| ૨,૫૦૧ | શ્રી ઝવેરબેન મગનભાઈ જીજીભાઈ પટેલ |

આ ઉપરાંત અન્ય દાન મળીને લગભગ બે લાખ રૂપિયા તે વખતે ખર્ચાયેલા.

અનુક્રમ⇒